L.A.R.No. 367/2018
આંક– ૫૯નુ સાંધણ



(શરૂ–૦૨:૫૯, પુર્ણ–૦૩:૪૧)

**સોગંદ આપ્યા...**

**સામાવાળા નં.ર જય પંકજકુમાર પંચાલની આંક–૫૯ની સરતપાસ લગત અરજદાર તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી એન.આર.પટેલ.**

૧ હું હાલ સરદાર સરોવર નર્મદા નીગમ હેઠળની સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ ડીવીઝન નં.ર/૧ ધ્રાંગધ્રાખાતે છેલ્લા પાંચ મહીનાથી કાર્યપાલક ઈજનેરના હોદા પર ફરજ બજાવુ છુ.એ વાત ખરી છે કે અમારા વકીલશ્રીએ રજુ રાખેલ વકીલપત્રમા મારી સહી નથી.

સવાલ:– તમારા વકીલશ્રીએ તમને કહ્યુ તેથી તમે જુબાની આપવા આવ્યા છો?

જવાબ:–હું મારા હોદાની રૂએ સાહેદી આપવા માટે કોર્ટ રૂબરૂ હાજર રહેલ છુ.

હું જે કેસમા સાહેદી આપવા માટે આવેલ છુ તે રણમલપુર ગામની જમીન માળીયા શાખા નહેરના કમાન્ડ માટે સંપાદન કરેલ તે અર્થે આવેલ છુ.મને જે હુકમથી જમીન સંપાદન કરેલ તે નંબર યાદ નથી. કલમ–૧૧ (૧)નો એવોર્ડ કઈ તારીખે જાહેર થયેલો તે મને યાદ નથી. આ એવોર્ડનું કલમ–૪મુજબનુ જાહેરનામુ કઈ તારીખે પ્રસીધ્ધ થયેલુ તે અત્યારે મને યાદ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે સમયે હું ફરજ પર જોડાયેલ ન હતો. એ વાત ખરી છે કે એવોર્ડ સમયે હું ફરજ પર જોડાયેલ ન હોવાથી મને એવોર્ડ સબંધી જાત માહીતી નથી. એ વાત ખરી છે કે જમીન સંપાદન

કરવાની તથા વળતર નકકી કરવાની જવાબદારી અમારી કચેરીની નથી. એ વાત ખરી છે કે જે–તે સમયે થયેલ એવોર્ડ કયા પાસાઓને ધ્યાને લઈને કરેલ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે એવોર્ડ જાહેર થયો તેમા ખેડુતોનુ શુ વળતર નકકી થયેલ તે હું કહી શકુ નહી.

સવાલ:– સદર કામનો એવોર્ડ કલેકટર કચેરી ધ્વારા જાહેર કરવામા આવે છે અને ત્યારબાદ ૧૨(૨)ની નોટીસ બજાવવાની કામગીરી પણ કલેકટર કચેરી ધ્વારા કરવામા આવે છે?

જવાબ:– જમીન સંપાદન અધિનીયમની કલમ–૧૨(૨)ની નોટીસ કલેકટર કચેરી ધ્વારા આપવામા આવે છે.

મને એ વાતની ખબર નથી કે આ કામના અરજદારોને જે–તે સમયે જમીન સંપાદન કરી તે સમયનું વળતર ચુકવાયેલ નથી.

સવાલ:– આ કામની સંપાદીત જમીન કયા સાંકળ નંબર થી કયા સાંકળ નંબર સુધી આવેલ છે?

જવાબ:– એ વાતની મને જાત માહીતી નથી.

એ વાત ખરી છે કે કલેકટરશ્રીએ એવોર્ડ જાહેર કરતા પહેલા મુલ્યાંકન સમીતીમા વિસ્તૃત ચર્ચા કરી સંપાદીત થયેલ જમીનની બજાર કિંમત પ્રતી હેકટરના પીયતના તથા બીન પીયતના તેમજ ખરાબાની કિંમત નકકી કરી એવોર્ડ કરેલ તેની મને જાત માહીતી નથી. એ વાત ખરી છે કે એલઆરસી કેસ નં.૧૬૧/૨૦૧૮ના ચુકાદાની તારીખ હાલ મને ખબર નથી. મને એ વાતની ખબર નથી કે લેન્ડ રેફરન્સ નં.૧૬૧/૧૮ના ચુકાદાની સામે અપીલ થયેલ છે કે કેમ. એ વાતની મને ખબર નથી કે નામ. હાઈકોર્ટમા આર/એફએ નં.૨૭૮૪/૨૦૨૫, ૨૮૨૨/૨૦૨૫, ૩૭૯૯/૨૦૨૫ વાળા નંબરથી અપીલ થયેલ છે. એ વાત ખરી નથી કે સં પાદન સંસ્થાને અરજદારને વધુ વળતર ચુકવવુ ન પડે એટલે સોગંદ ઉપર

L.A.R.No. 367/2018
આંક– ૫૯નુ સાંધણ

ખોટી જુબાની આપીએ છીએ.
ફેર તપાસ નથી.

સ્થળ:– હળવદ.
તારીખ:– ૨૨/૦૧/૨૦૨૬

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

(નિમિષા ગંગારામભાઈ સુરતી)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ